**કરોડો રૂપિયાના ખર્ચે 'શાળા પ્રવેશોત્સવ' જેવા કાર્યક્રમો યોજીને શિક્ષણના સ્તરને ઊંચું લાવવા કાર્યક્રમો**

# ઓટલા પર અક્ષરજ્ઞાન મેળવતા ભૂલકા

**શિયાળાની** હાડ થીજવતી ઠંડી કે ચોમાસાનો ધોધમાર વરસાદ બાળકો પાસે રક્ષણ મેળવવા કોઈ દીવાલો નથી

**ઉનાળામાં** અસહ્ય લૂ અને તડકા વચ્ચે પણ બાળકોએ ખુલ્લામાં બેસવું પડે છે

**જર્જરિત** આંગણવાડીનું મકાન ત્રણ વર્ષ પહેલાં તોડી પડાયા બાદ નવું મકાન બન્યું નથી



ધર્મેશ પટેલ

## ટૂંક સમયમાં મંજૂરી આવી જશે

ગ્રામ પંચાયતના સરપંચ કૌશિકભાઇના જણાવ્યાનુસાર આંગણવાડીની બાજુમાં ગામની પાણીની ટાંકી આવેલી છે. આ ટાંકીમાં પાણી ભરાઈ ત્યારે હલતી હોય કોઈ કારણસર ધરાશાયી થાય તો મોટી જાનહાનિ થવાની ભીતિ સેવાઇ રહી છે. જેથી બાળકોને આંગણવાડીના પરિસરમાંથી હટાવી અન્ય જગ્યાએ બેસાડવાની ફરજ પડી છે. અગાઉ લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે અને તંત્ર દ્વારા સ્થળની મુલાકાત પણ લેવામાં આવી છે. ટૂંક સમયમાં મંજૂરી આવી જશે.

ઘેજ : સાદકપોર ગામના કાળિયા ફળીયા સ્થિત આંગણવાડીનુ મકાન જર્જરિત થતા નાના ભૂલકાઓએ કડકડતી ઠંડી હોય કે વરસાદ હોય ઓટલા પર બેસી કારકીર્દીની પાપા પગલી ભરવાની નોબત આવી છે.

સાદકપોરના ૧૩ માસૂમોનું ભવિષ્ય જાણે 'રામ ભરોસે' હોય તેમ ૩ વર્ષથી આંગણવાડીના મકાન વિહોણા બાળકો ઓટલા પર ભણવા મજબૂર બન્યા છે.

રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે કરોડો રૂપિયાના ખર્ચે 'શાળા પ્રવેશોત્સવ' જેવા કાર્યક્રમો યોજીને શિક્ષણના સ્તરને ઊંચું લાવવા અનેક કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. બીજી તરફ તાલુકાના સાદકપોર ગામે આંગણવાડીના ભૂલકાઓને બેસવા માટે ત્રણ વર્ષથી મકાન જેવી પાયાની સુવિધા નથી ત્યારે સરકારના વિકાસના દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. સાદકપોર સ્થિત કાળિયા ફળીયામાં આવેલી આંગણવાડીના ૧૩ જેટલા ભૂલકાઓ છેલ્લા ૩ વર્ષથી ખાનગી મકાનોના ઓટલા પર ભણી રહ્યા છે જે સ્થાનિક તંત્ર માટે પણ શરમજનક બાબત છે.

સાદકપોર ગામના કાળિયા ફળીયામાં કાર્યરત આંગણવાડીનું મકાન વર્ષો જૂનું હોવાથી જર્જરિત થતાં અને ત્રણ વર્ષ પહેલાં જ્યારે આ મકાન ભયજનક જાહેર થયું ત્યારે ગ્રામજનોમાં આશા હતી કે ટૂંક સમયમાં નવું સુવિધાજનક મકાન બનશે. જોકે ત્રણ વર્ષનો લાંબો સમય વીતી ગયો હોવા છતાં તંત્ર દ્વારા નવા મકાન માટે એક ઈંટ પણ મુકવામાં આવી નથી. આ વિલંબ પાછળ વહીવટી પ્રક્રિયા જવાબદાર છે કે તંત્રની ઉદાસીનતા તે એક મોટો સવાલ ઉભો થવા પામ્યો છે. આંગણવાડીમાં ૧૩ જેટલા નાના બાળકો જેમની ઉંમર માંડ ૩ થી ૬ વર્ષની છે. તેઓ હાલ ખાનગી મકાનના ઓટલા પર બેસીને અક્ષરજ્ઞાન મેળવી રહ્યા છે. શિયાળાની હાડ થીજવતી ઠંડી હોય કે ચોમાસાનો ધોધમાર વરસાદ હોય આ બાળકો પાસે રક્ષણ મેળવવા માટે કોઈ દીવાલો નથી. ઉનાળામાં અસહ્ય લૂ અને તડકા વચ્ચે પણ બાળકોએ ખુલ્લામાં બેસવું પડે છે.

## નવસારીમાં ઠંડીનો પ્રભાવ યથાવત

નવસારી : નવસારી કૃષિ યુનિવર્સિટી (NAU)ના હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ તા. ૦૬ અને ૦૭ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ નવસારી જિલ્લામાં શિયાળાની અસર યથાવત જોવા મળી હતી. સવારના સમયે ઊંચી આર્દ્રતા અને ઠંડકભર્યા વાતાવરણને કારણે લોકો ઠંડીનો અનુભવ કરતા રહ્યા, જ્યારે દિવસ દરમિયાન હળવો ઉષ્ણતા અને સુકું વાતાવરણ રહ્યું.

તા. ૦૭/૦૧/૨૦૨૬ના રોજ મહત્તમ તાપમાન ૩૦.૦ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૧૭.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે શિયાળાની ઠંડક યથાવત હોવાનો સંકેત આપે છે. સવારના સમયે આર્દ્રતા ફરી ૯૫ ટકા રહી હતી, જ્યારે સાંજના સમયે તે ઘટીને ૪૪ ટકા થઈ હતી. પવનની ઝડપ ૧.૯ કિમી પ્રતિ કલાક રહી અને પવન ઉત્તર-પશ્ચિમ દિશામાંથી ફૂંકાતો રહ્યો હતો.

હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ સવારની ઊંચી આર્દ્રતા અને ઠંડકને કારણે ધુમ્મસ અને ઝાકળની સ્થિતિ સર્જાઈ શકે છે, જેના કારણે વહેલી સવારમાં વાહનચાલકોને સાવચેત રહેવાની સલાહ આપવામાં આવી છે.

# યુવકને લંડનની યુવતીની ફ્રેન્ડ રિક્વેસ્ટ ભારે પડી ગઇ

**લંડનની** યુવતીએ પ્રેમજાળમાં ફસાવી ગણદેવીના એન્જિનિયર પાસેથી 3.71 લાખ પડાવી લીધા

## સોશિયલ મીડિયાનો 'સ્વીટ ટ્રેપ' હતો

ગણદેવીના 33 વર્ષીય એન્જિનિયર યુવાનને ફેસબુક પર 'Mery Benedict' નામની યુવતીએ ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી જાળ બિછાવી હતી. લંડનમાં રહેતી હોવાનો દાવો કરી તેણીએ વિશ્વાસ કેળવ્યો અને ભારત ફરવા આવવાનું કહી બ્રિટિશ એરવેઝની નકલી ટિકિટ મોકલી હતી. આ આખી ગોઠવણ માત્ર યુવાન પાસેથી નાણાં પડાવવા માટેનો એક સોશિયલ મીડિયાનો 'સ્વીટ ટ્રેપ' હતો.

## રહેવા-જમવાના નામે પૈસા મંગાવ્યા

યુવતીએ દિલ્હી એરપોર્ટ પર ઊતરી તેનો ૭૦ લાખનો ચેક એન્ટી મની લોન્ડરિંગ વિભાગે જપ્ત કર્યાનું નાટક રચ્યું હતું. પોતાની પાસે 'એક પણ રૂપિયો નથી' તેમ કહી શરૂઆતમાં રહેવા-જમવા અને ખર્ચ માટે ટુકડે-ટુકડે નાણાં મંગાવ્યાં હતાં. મિત્રની મદદ કરવા એન્જિનિયરે રૂપિયા ૨.૦૧ લાખની લોન કરાવી અને અલગ-અલગ ૧૦ જેટલાં ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂપિયા ૪,૨૬,૫૫૩ જેટલી રકમ ગૂગલ પે અને પેટીએમથી ચૂકવી દીધી હતી.

## 'તારા માટે લાવેલી ૧૦,૦૦૦ ડોલરનું પાર્સલ પકડાઈ ગયું છે'

ઠગાઈના અંતિમ તબક્કે યુવતીએ 'તારા માટે ૧૦,૦૦૦ ડોલરનું પાર્સલ લાવેલી જે પકડાઈ ગયું છે' તેમ કહી વધુ ૧ લાખ પડાવ્યા હતા. ત્યારબાદ 'બરોડા પાર્સલ એજન્સી'ના નામે ફરી ૨.૦૫ લાખની માંગણી થતાં યુવાનને શંકા ગઇ હતી. મેરીને આ બાબતે પૂછતા તેણે હાથ ઊંચા કરી લેતા, પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું સમજાતા એન્જિનિયરે આખરે સાયબર પોલીસનો સંપર્ક કર્યો હતો.

બીલીમોરા : ગણદેવીના એન્જિનિયર યુવકને ફેસબુક પર લંડનની યુવતી સાથે મિત્રતા કરવાનું ભારે પડ્યું હતું. લંડનની ગોલ્ડ શોપમાં મેનેજર હોવાની ઓળખ આપી 'મેરી બેનેડિક્ટ' નામની યુવતીએ યુવકને પ્રેમજાળમાં ફસાવી અલગ-અલગ બહાને કુલ રૂપિયા ૩,૭૧,૯૯૮ પડાવી લીધા હોવાની ફરિયાદ ગણદેવી પોલીસ મથકે નોંધાઈ હતી.

ગણદેવીમાં રહેતા એન્જિનિયર યુવકની ગત સપ્ટેમ્બર-૨૦૨૫ માં ફેસબુક પર મેરી બેનેડિક્ટની ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. મિત્રતા કેળવ્યા બાદ કહેવાતી લંડનની યુવતીએ ભારત ફરવા આવવા માંગે છે તેમ કહી વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ તેણીએ વોટ્સએપ કોલ કરી દિલ્હી એરપોર્ટ પર ઊતરી હોવાની બનાવટી એર ટિકિટ મોકલી જણાવ્યું હતું કે, તેની પાસે રહેલો ૬૦,૦૦૦ પાઉન્ડનો ચેક એન્ટી મની લોન્ડરિંગ વિભાગે જપ્ત કર્યો છે. આ ચેક છોડાવવા માટે પૈસાની જરૂર પડશે તેમ કહી તેણીએ યુવક પાસેથી મદદ માંગી હતી.

યુવકે તેણીની વાતોમાં આવી જઈ પર્સનલ લોન મેળવીને અલગ-અલગ સમયે મોહમદ અબરાર, નીતા સુજીત શેટ્ટી, વિશાખા વિકાસ ગૌરવ, રીનસંગપુલ અને ચટકગઈનાં ગૂગલ પે અને બેંક ખાતામાં લાખો રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. અંતે જ્યારે બરોડા પાર્સલ એજન્સીના નામે કોઈ અજાણી મહિલાએ ફોન કરી વધુ રૂપિયા ૨.૦૫ લાખની માંગણી કરી ત્યારે યુવકને સાયબર ફ્રોડનો ભોગ બન્યો હોવાનો અહેસાસ થયો હતો.

ગણદેવી પોલીસે આ મામલે મેરી બેનેડિક્ટ સહિત સાત આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# નવસારી જિ.પંચાયતની 30 બેઠકોની અનામત યાદી જાહેર

**જાહેર** થયેલી આ યાદીએ જિલ્લાની રાજકીય ગતિવિધિઓમાં નવી ચળવળ ઊભી કરી

**આદિજાતિ** અને સ્ત્રી વર્ગને વિશેષ પ્રાધાન્ય

## જિલ્લાની રાજકીય હવામાનમાં ગરમી આવી

અનામત યાદી જાહેર થતાં જ જિલ્લાની રાજકીય હવામાનમાં ગરમી આવી છે. વિવિધ રાજકીય પક્ષો હવે ઉમેદવારોની પસંદગી, સમીકરણો ગોઠવવા અને ગ્રામ્ય વિસ્તારોમાં સંપર્ક અભિયાનની તૈયારીમાં લાગી ગયા છે. અનેક વિસ્તારોમાં સંભાવિત ઉમેદવારોના નામોની ચર્ચા શરૂ થઈ ગઈ છે અને કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. નવસારી જિલ્લા પંચાયતની આવનારી ચૂંટણીમાં આ અનામત માળખું પરિણામોને મહત્વપૂર્ણ રીતે અસર કરશે તેમ રાજકીય નિરીક્ષકો માને છે. સામાજિક ન્યાય, મહિલા સશક્તિકરણ અને આદિજાતિ પ્રતિનિધિત્વને કેન્દ્રમાં રાખતી આ અનામત યાદીથી જિલ્લાની રાજકીય સમીકરણોમાં નોંધપાત્ર ફેરફાર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

નવસારી : રાજ્ય ચૂંટણી પંચ દ્વારા નવસારી જિલ્લા પંચાયતની અનુસૂચિ-૧ હેઠળ 30 બેઠકોની અનામત યાદી જાહેર કરવામાં આવી છે. જાહેર થયેલી આ યાદીએ જિલ્લાની રાજકીય ગતિવિધિઓમાં નવી ચળવળ ઊભી કરી છે. યાદી મુજબ અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તેમજ સ્ત્રી ઉમેદવારોને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, જેના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં પ્રતિનિધિત્વ અને સામાજિક સમાનતાનો ઉદ્દેશ વધુ મજબૂત બન્યો છે. યાદી મુજબ ખેરગામ તાલુકાની આછવણી અને વાંસદા તાલુકાની બારતાડ (ખા) બેઠક સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની સ્ત્રી માટે અનામત રાખવામાં આવી છે. જ્યારે ગણદેવી તાલુકાની બીગરી, જલાલપોર તાલુકાની મહુવર, ચીખલી તાલુકાની માંડવખડક તેમજ ગણદેવી તાલુકાની સરીબુજરંગ બેઠક સામાન્ય સ્ત્રી માટે અનામત રાખવામાં આવી છે. આથી સ્થાનિક સ્તરે મહિલા નેતૃત્વને વધુ તક મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. દેવસર (ગણદેવી), રુમલા (ચીખલી), વાંદરવેલા (વાંસદા) અને વાંગણ (વાંસદા) બેઠકો બિન અનામત સામાન્ય વર્ગ માટે રાખવામાં આવી છે, જેથી તમામ વર્ગોને સમાન તક મળે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. બીજી તરફ અમલસાડ, બોદાલી, ઘેજ, ખડસુપા, સાદકપોર, સમરોલી, સાતેમ, ઉનાઈ, વાંઝણા અને વેસ્મા જેવી બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવામાં આવી છે. આથી જિલ્લાની આદિજાતિ વસ્તીને રાજકીય મુખ્ય પ્રવાહમાં વધુ મજબૂતીથી જોડવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

ખાસ નોંધનીય બાબત એ છે કે ચાપલધરા, ગણદેવા, ખેરગામ, ખુંધ, કુકેરી, પનાર, સીસોદ્રા (ગ), સુપા અને વાંસદા જેવી બેઠકો અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે અનામત રાખવામાં આવી છે. આ નિર્ણયથી આદિજાતિ સમાજની મહિલાઓને લોકશાહી પ્રક્રિયામાં સક્રિય ભાગીદારીનો મહત્વપૂર્ણ અવસર પ્રાપ્ત થયો છે અને મહિલા સશક્તિકરણને નવી દિશા મળી છે.

# નવસારી જિલ્લામાં પીઆઈની નિમણૂક તથા બદલીના આદેશ

**વહીવટી** સુચારુતા અને કાર્યક્ષમતા વધારવાના હેતુથી ચાર પોલીસ ઇન્સ્પેક્ટરમાં ફેરફાર

**આવા** ફેરફારો દ્વારા વિવિધ પોલીસ સ્ટેશનોમાં કામકાજનું વહન વધુ સુવ્યવસ્થિત બનશે

નવસારી : નવસારી જિલ્લામાં વહીવટી સુચારુતા જળવાઈ રહે અને પોલીસ વ્યવસ્થાની કાર્યક્ષમતા વધુ મજબૂત બને તે હેતુથી ચાર પોલીસ ઈન્સ્પેક્ટરોની નિમણૂક તથા બદલીના આદેશ આપવામાં આવ્યા છે. જિલ્લા પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવેલા આ ફેરફારો નિયમિત વહીવટી પ્રક્રિયા અંતર્ગત અમલમાં મૂકવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી મુજબ એસ.વી. આહીરને એલસીબી નવસારીમાંથી પેટ્રોલ કોલો રોડ, નવસારી ખાતે નવી જવાબદારી સોંપવામાં આવી છે. જ્યારે સી.કે. કાતરીયાને નવસારી ટાઉન પોલીસ સ્ટેશન ખાતે સેકન્ડ પીઆઈ તરીકે યથાવત્ જવાબદારી આપવામાં આવી છે. એ જ રીતે એચ.આર. બારોટને નવસારી રૂરલ પોલીસ સ્ટેશન ખાતે સેકન્ડ પીઆઈ તરીકે નિમણૂક આપવામાં આવી છે.

તે ઉપરાંત એમ.ડી. ગામીતને લીવ રિઝર્વમાંથી સેકન્ડ પીઆઈ, બીલીમોરા પોલીસ સ્ટેશન ખાતે બદલી કરવામાં આવી છે. આ બદલીઓ વહીવટી વ્યવસ્થાને વધુ સુગમ બનાવવા અને કામકાજને વધુ ગતિશીલ બનાવવા માટે કરવામાં આવી હોવાનું પોલીસ વિભાગ તરફથી જણાવાયું છે.

પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ આવા ફેરફારો દ્વારા વિવિધ પોલીસ સ્ટેશનોમાં કામકાજનું વહન વધુ સુવ્યવસ્થિત બનશે અને જનસેવામાં વધુ સરળતા રહેશે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત બને તે દિશામાં આ બદલીઓ સહાયક સાબિત થશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

# પોલીસ કર્મીના વર્તન અંગેની રજૂઆત બાદ તપાસ શરૂ

**વિજલપોરના** કેટલાક કર્મચારીઓના વર્તન અંગે કરવામાં આવેલી રજૂઆતના પગલે SP દ્વારા બદલીના આદેશ, મામલો તપાસ હેઠળ

નવસારી : વિજલાપોર પોલીસ સ્ટેશનને લગતી એક લેખિત રજૂઆત જિલ્લા પોલીસ અધિક્ષક કચેરી સુધી પહોંચતા વિભાગીય સ્તરે તપાસની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. રજૂઆતમાં કેટલાક પોલીસ કર્મચારીઓના વર્તન અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે, જેને ધ્યાનમાં રાખી ઉચ્ચ અધિકારીઓ દ્વારા પ્રાથમિક સ્તરે માહિતી એકત્ર કરવાની અને તપાસ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ વિજલાપોર વિસ્તારના એક નાગરિકે ડીજીપી, રેન્જ આઈજી અને નવસારી જિલ્લા પોલીસ અધિક્ષકને લેખિત રજૂઆત કરી છે. તેમાં જણાવ્યા અનુસાર તેમના પુત્રને સાયબર ગુનાના એક કેસમાં પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો હતો. ત્યારબાદ કેટલાક મુદ્દાઓને લઈને ગેરસમજ અને અસંતોષ ઊભો થયો હોવાનું રજૂઆતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. રજૂઆતમાં સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરવાની વિનંતી કરવામાં આવી છે.

રજૂઆતમાં કેટલાક આર્થિક મુદ્દાઓ અંગે પણ સંદર્ભ આપીને પોલીસ સ્ટેશનના તે દિવસના CCTV ફૂટેજ તપાસવાની માંગ કરવામાં આવી છે, જેથી હકીકત સ્પષ્ટ થઈ શકે. ફરિયાદી દ્વારા રજૂઆતમાં પોતાના પક્ષની વાત રજૂ કરી યોગ્ય ન્યાય મળે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

આ રજૂઆતના પગલે નવસારીના પોલીસ અધિક્ષક રાહુલ પટેલ દ્વારા તાત્કાલિક અસરથી સંબંધિત પોલીસ કર્મચારીઓની અન્ય સ્થળે બદલીના આદેશ આપવામાં આવ્યા છે. પોલીસ વિભાગ તરફથી જણાવાયું છે કે આ બદલી વ્યવસ્થાત્મક કારણોસર કરવામાં આવી છે અને મામલાની તપાસ પ્રક્રિયા ચાલુ છે.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું છે કે તમામ મુદ્દાઓની તટસ્થ રીતે તપાસ કરવામાં આવશે અને તપાસ પૂર્ણ થયા બાદ જે હકીકત સામે આવશે તે મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે. હાલ આ સમગ્ર પ્રકરણ તપાસ હેઠળ છે અને કોઈ પણ નિષ્કર્ષ પર પહોંચતા પહેલાં તમામ પાસાઓનું મૂલ્યાંકન કરવામાં આવશે.

**ઔરંગા નદી ઉપર નિર્માણ પામી રહેલા બ્રિજનું સ્ટ્રક્ચર તૂટી પડતા ખળભળાટ મચી ગયો હતો**

# વલસાડ રેલવે ઓવરબ્રિજનું નિર્માણ ન થાય ત્યાં સુધી પુલ નકામો

**ચોમાસામાં** થોડા વરસાદમાં જ ગરનાળામાં પાણી ભરાઈ જતા લોકોએ ધરમપુર ચોકડી કે કુંડી ફાટકથી જ અવરજવર કરવી પડશે

**આ** પુલ ચોમાસામાં વલસાડ શહેરમાં પ્રવેશવા માટે બિન ઉપયોગી બનશે



ફાઈલ તસવીર

વલસાડ : વલસાડ-ખેરગામ માર્ગ ઉપર કૈલાસ રોડ સ્મશાન ભૂમિ પાસે ઔરંગા -કડૈયાની ખાડી ઉપર પુલ બની પણ જશે, પરંતુ લોકોની સમસ્યા તો ચોમાસા દરમિયાન યથાવત રહેશે, જેનું કારણ એ છે કે, છીપવાડના રેલવે અંડર પાસમાં થોડા વરસાદમાં જ પાણી ભરાઈ જતા હોય, અહીં રેલવે ઓવરબ્રિજ જ એકમાત્ર ઉપાય હોઈ શકે.

સુત્રોના જણાવ્યા મુજબ વલસાડ તાલુકા અને ખેરગામ તાલુકાના આશરે 40 ગામ માટે મહત્વનો ઔરંગા નદી ઉપર નિર્માણ પામી રહેલા બ્રિજનું સ્ટ્રક્ચર હાલે જ તૂટી પડતા ખળભળાટ મચી ગયો હતો. તો બીજી તરફ જાણકારોના મતે આ પુલ ચોમાસામાં વલસાડ શહેરમાં પ્રવેશવા માટે બિન ઉપયોગી બનશે. કારણકે, જો છીપવાડના 330 નંબરના રેલવે અંડરપાસમાં પાણી ભરાયેલા હશે તો, આ માર્ગ બંધ થઈ જતો હોય છે. જેથી વલસાડ-ખેરગામ તાલુકાના ચાલીસેક ગામો માટે જ્યાં સુધી વલસાડ રેલવે ઓવરબ્રિજનું નિર્માણ ન થાય ત્યાં સુધી આ નવીનપુલ ચોમાસામાં વધુ વરસાદમાં કામ આવશે નહીં. પ્રજાએ વાયા ધરમપુર ચોકડી કે કુંડી ફાટકથી જ અવરજવર કરવી પડશે.

નોંધનીય છે કે, 99 નંબરની ફાટક-લીલાપોરનો ઓવરબ્રિજ બનાવ્યો તે ઔરંગા નદીના લીલાપોર-વિજલપોરના ઉત્તર છેડે બનાવી ગુંદલાવ ચોકડી સાથે જોડ્યો હોત તો વલસાડ રેલવે ઓવરબ્રિજની જરૂર ઊભી થતે નહીં. હવે જો સરકાર પ્રજાની સુખાકારી માટે નવો પુલ બનાવી રહી છે, ત્યારે જો પુલનો બારમાસી ઉપયોગ કરવા માટે સત્તાવાળાઓ ક્યારે નવો રેલવેઓવર બ્રિજ બનાવે છે, તેવી લાગણી અને માંગણી લોકો કરી રહ્યા છે.

## વેસ્મામાં 24 નવદંપતીઓ માટે ભવ્ય સમૂહ લગ્નોત્સવ યોજાયો






નવસારી : વેસ્મા સ્થિત મોલાના અબુલ કલામ આઝાદ સ્કૂલ ખાતે સહાયતા ટ્રસ્ટ, વેસ્મા તથા અંજુમન-એ-તાઆલીમુલ મુસ્લિમિન, મલેકપોરના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ સમૂહ લગ્નમાં 24 નવદંપતીઓના નિકાહ પવિત્ર ધાર્મિક રીતિ-રિવાજો મુજબ સંપન્ન કરાયા હતા. કાર્યક્રમની આલીમ-એ-દીન દ્વારા નિકાહ પઢાવવામાં આવ્યા હતા અને ધર્મગુરુઓએ નવદંપતીઓને સુખી અને સમૃદ્ધ દાંપત્ય જીવનના આશીર્વાદ આપ્યા હતા. સાદગી અને કરકસરનો સંદેશ આપતા આ આયોજન બદલ આયોજક સંસ્થાઓની સર્વત્ર પ્રશંસા થઈ હતી.

## વાંસદા-વઘઈ સ્ટેટ હાઈવે પર કાર અને બાઇક વચ્ચે ગંભીર અકસ્માત

વાંસદા: ચીખલીના ઘોલાર ગામના અને સુન્દા શાળાના શિક્ષક વિપુલ માહલા કાર લઈને આવી રહ્યા હતા. તે દરમિયાન વાંસદાથી પૂરઝડપે આવતી બાઈકના ચાલક ઈન્દ્રવદન કોકણીએ બાઈક ગફલતભરી રીતે હંકારતા કાર સાથે અથડાવી હતી. જેમાં બાઈક ચાલક ઈન્દ્રવદન પટકાતા ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ લોકોએ 108 એમ્બ્યુલન્સ બોલાવી ઈજાગ્રસ્તને વાંસદા કોટેજ હોસ્પિટલ ખસેડ્યો હતો. વાંસદા પોલીસે કાર ચાલક શિક્ષકની ફરિયાદને આધારે બાઈક સવાર વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

## કપરાડાના મેણધા ગામનો રંગુ રાઉત કરવડથી ગુમ થયો

વલસાડ : કપરાડા તાલુકાના વેરી ભવાડામાં મેણધા ખડીપાડા ફળિયામાં રહેતો રંગુ સોમા રાઉત (ઉવ.40) ગત 30 ડિસેમ્બરના રોજ સવારે આઠ વાગ્યા દરમિયાન કરવડ ગામે પેટ્રોલપંપની પાછળ સલીમભાઈના ભંગારના ગોડાઉનમાંથી કોઈને કંઈ પણ કહ્યા વિના ક્યાંક નીકળી ગયો હતો. જે માનસિક રીતે બિમાર છે. જેની શોધ ખોળ કરવા છતાં કોઈ પત્તો ન લાગતા પરિવારજનોએ વાપીના ડુંગરા પોલીસ મથકે જાણ કરી હતી.


**સિલ્ધા હાટશેરી પ્રા.શાળા, તા. કપરાડા જી. વલસાડ**

**જાહેર હરાજી**

આથી રસ ધરાવતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે સિલ્ધા ગામમા જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ વલસાડ સંચાલિત પ્રાથમિક શાળા સિલ્ધા હાટશેરી ગામ તા. કપરાડામાં આવેલ છે. તે શાળામા ૨ [બે.] નળિયાવાળા ૨ [2] પાકા એમ કુલ [4] ચાર જર્જરિત ઓરડાની હરાજી તા. ૧૩/૦૧/૨૦૨૬ ના મંગળવાર ના રોજ ૧૧:૩૦ કલાકે રાખવામાં આવેલ છે. હરાજી શરુ થતા પહેલા રુપિયા ૧૦૦૦૦/- [અંકે રુપિયા દસ હજાર પૂરા] ડીપોઝીટ પેટે પાછા મળવાની શરતે ભરવાના રહેશે. હરાજીમા વધારે બોલી લગાવનારને જર્જરિત ઓરડા ખરીદવા હકદાર ગણાશે. તથા તેઓએ કરેલ બોલીના ૫૦% રકમ તાત્કાલિક સ્થળ પર જમા કરવાની રહેશે. અને બાકીની રકમ શરતો પ્રમાણે ભરવાની રહેશે. અન્યથા ડિપોઝીટ ની રકમ જપ્ત કરવાપાત્ર થશે. જાહેર હરાજી મંજૂર/ના મંજૂર કે રદ કરવાની તમામ સત્તાઓ SMC પ્રાથમિક શાળા સિલ્ધા હાટશેરીની રહેશે.

SMC સિલ્ધા હાટશેરી પ્રાથમિકશાળા.

પી.બી. પટેલ, મુખ્ય શિક્ષક
SMC અધ્યક્ષશ્રી તથા સભ્યશ્રીઓ
સિલ્ધા હાટશેરી પ્રા.શાળા, તા. કપરાડા, જિ.વલસાડ.